# જન્મદિવસ પર ઇચ્છા

‘આનંદમય જન્મદિવસ’નું, ગુરુમાઈ ચિદ્વિલાસાનંદના જન્મદિવસના મહિનાનું આગમન થઈ ગયું છે. શ્રી મુક્તાનંદ આશ્રમમાં પ્રકૃતિ ઉત્સવ મનાવી રહી છે. વૃક્ષોએ નવાં-નવાં લીલાં પાંદડાંઓની ઓઢણી ઓઢી લીધી છે; ઝાડવાં અને નાનાં છોડવાંઓ ફૂલોથી સુશોભિત છે. અને જેમકે તમે અહીં આપેલા ફોટાઓમાં જોશો કે આશ્રમના પવિત્ર પરિસરમાં ડેન્ડિલિઅનનાં ફૂલો ખીલી ઊઠ્યાં છે.

ગુરુમાઈજીની ઇચ્છા છે કે ‘આનંદમય જન્મદિવસ’ દરમ્યાન દરરોજ, દરેક વ્યક્તિ સહજતાથી આનંદનો અનુભવ કરે. તમે આ અનુભવમાં મધુરતાથી પ્રવેશ કરી શકો એટલા માટે ગુરુમાઈજી તમને ડેન્ડેલિઅનનાં આ ફૂલો પર તમારી એક ઇચ્છા પ્રગટ કરવા માટે આમંત્રિત કરી રહ્યાં છે, જેનાં પીંછાદાર બીજ હવામાં ફેલાઈ રહ્યાં છે.

© ૨૦૨૨ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.